# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૫ તા.૨૬-૦૬-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- હોમ લર્નિંગને અસરકારક બનાવવા બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/મકમ/૨૦૨૦/૧૮૯૮૯-૧૯૦૬૦ તા.૨૪-૦૬-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા હોમ લર્નિંગ અંતર્ગત અલગ અલગ માધ્યમોથી તા.૧૫-૬-૨૦૨૦ થી રાજયમાં દુરદર્શન ડી.ડી. ગિરનાર ચેનલ, ‘વંદે ગુજરાત’ બાયસેગ ચેનલ, સીસીસી ખાતેથી વર્ચ્યુઅલ કલાસરૂમ, DIKSHA / you tube ના માધ્યમથી , ટેલીફોન સંપર્ક વગેરે માધ્યમ મારફત હોમ લર્નિંગ કાર્યરત છે. વિદ્યાર્થીઓને પાઠયપુસ્તક પણ ફાળવવામાં આવેલ છે. સદરહુ કાર્યક્રમને અસરકારક બનાવવા તમામ શિક્ષકોને જણાવવામાં આવે છે કે NCERT દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ દરેક શિક્ષકે દરરોજ ઓછામાં ઓછા ૧૫ બાળકો / વાલીઓનો ટેલીફોનીક સંપર્ક કરી હોમલર્નિંગ દ્વારા માર્ગદર્શન આપવું અને બીજા દિવસે નવા ૧૫ બાળકો / વાલીઓનો ટેલીફોનીક સંપર્ક કરી માર્ગદર્શિત કરવા. આ અંગેનું શાળાકક્ષાએ રજીસ્ટર નિભાવવામાં આવે તે મુખ્ય શિક્ષકશ્રીએ સુનિશ્ચિત કરવું. સુપરવાઈઝર, યુ.આર.સી.કો.ઓર્ડિનેટર તથા સી.આર.સી. કો.ઓર્ડિનેટર દ્વારા હોમ લર્નિંગને અસરકકારક બનાવવા મોનીટરીંગ કરવા જણાવવામાં આવે છે.

તા.૨૬-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી